પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪ | ૪ એપ્રિલ, ૨૦૧૮, બુધવાર ; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીના મંત્રીની ઈડીએ પુછપરછ કરી

દિલ્હી સરકારના સ્વાસ્થ્ય અને વિજળી મંત્રી સત્યેન્દ્ર જૈન અને તેમના બે સાથીઓની ઈડીએ મની લોન્ડરીંગ મામલે પૂછપરછ કરી છે.

### ઉત્તર કોરિયાના વિદેશમંત્રી ચીનમાં

ઉત્તર કોરીયાના વિદેશ મંત્રી ચીનની મુલાકાતે બેજીંગ પહોંચી ગયા છે. આ મુલાકાતમાં તેઓ ચીનના વિદેશમંત્રી સાથે વાતચીત કરશે.

### હાફિઝ સઈદની પાર્ટી આંતકી સંગઠન : અમેરિકા

અમેરિકા દ્વારા હાફિઝ સઈદની પાર્ટીને આતંકવાદી સંગઠન જાહેર કર્યુ છે. ભારતે આ પગલાની સરાહના કરી છે.

### એમેઝોનમાંથી કર્મચારીઓને કાઢી મુકાયા

ઈકોમર્સ કંપની એમેઝોન ઈન્ડિયા મોટી માત્રામાં કર્મચારીઓને પાણીચુ પકડાવી રહી છે. ૬૦ ભારતીયોને હાલમાં જ પાણીચુ આપી દેવાયુ છે.

### મધ્યપ્રદેશમાં બે પોલીસકર્મીઓ પર હત્યાનો કેસ

સુપ્રીમ કોર્ટ ધ્વારા એસસી/એસટી એક્ટ પર આપવામાં આવેલા નિર્ણય વિરુદ્ધ દલિત સંગઠનો ધ્વારા રાખવામાં આવેલું ભારત બંધ હિંસક રૂપ લઈ ચૂક્યું છે. ભારત બંધ દરમિયાન થયેલી હિંસા મામલે મધ્યપ્રદેશ માં બે પોલીસકર્મીઓ વિરુદ્ધ હત્યાનો કેસ નોંધાયો છે.

# સર્વોચ્ચ અદાલત પોતાના ચુકાદા પર અડગ

## ચુકાદા પર સ્ટે મુકવાની માંગ કરતી કેન્દ્ર સરકારની અરજી ફગાવી : કેન્દ્રને મોટો ફટકો : જોગવાઈઓ સાથે કોઇ ચેડા કરાયા નથી : અમે કાયદાની વિરુદ્ધ નથી પરંતુ નિર્દોષોને સજા ન મળવી જોઈએ : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,તા. ૩

એસસી-એસટી એક્ટ સાથે જોડાયેલા નિર્ણય પર ફેરવિચારણા કરવાની માંગ કરતી કેન્દ્ર સરકારની અરજીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. આ અરજી ઉપર કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદા પર સ્ટે આપવાનો પણ ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોને આ મામલા પર ત્રણ દિવસની અંદર જવાબ આપવા માટે આદેશ કર્યો છે. સાથે સાથે આગામી ૧૦ દિવસ બાદ વધુ સુનાવણી કરવાની વાત કરી છે. સુપ્રીમ કોર્ટે તેના ૨૦મી માર્ચના આદેશ પર સ્ટે મુકવાનો સાફ ઈન્કાર કરતા કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર અટકાયત ધારાની ચોક્કસ જોગવાઈઓને દૂર કરવા માટેના તેના ૨૦મી માર્ચના આદેશ પર સ્ટે મુકવાનો સુપ્રીમે ઈન્કાર કરી દીદો છે. જો કે, તેના ગયા



મહિનાના ચુકાદા પર ૧૦ દિવસ બાદ ફેરવિચારણા કરવાની તૈયારી દર્શાવી છે. બે દિવસની અંદર લેખિત રજૂઆત કરવા માટે સંબંધિતોને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, એટર્ની જનરલ એકે વેણુગોપાલ દ્વારા કેન્દ્ર દ્વારા દાખલ કરવામાં આવેલા સમીક્ષા અરજી પર કારણો ઉપર સુનાવણી હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, અમે એક્ટ સામે નથી. નિર્દોષ લોકોને

● અનુસંધાન પાન-૭ પર

# હિંસક બંધની સુપ્રીમ કોર્ટ દ્વારા ઝાટકણી

## હિંસા પર ઉતરેલા લોકો ગેરમાર્ગે દોરાયેલા છે : ભારત બંધ રાખીને હિંસા ફેલાવી રહેલા લોકોએ ચુકાદાને ધ્યાનથી વાંચ્યું જ નથી



નવી દિલ્હી,તા. ૩

એસસી-એસટી એક્ટ સાથે જોડાયેલા ચુકાદા પર ફેરવિચારણા કરવાની માંગ કરતી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવતી વેળા આજે દેખાવકારોની પણ જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યં હતું કે, જે લોકો ભારત બંધ રાખીને માર્ગો ઉપર ઉતરી પડ્યા છે અને હિંસા ફેલાવી ચુક્યા છે તે લોકોએ ચુકાદા તરફ ધ્યાન આપ્યું નથી. આ લોકોએ ચુકાદામાં અભ્યાસ કર્યો નથી. અમે એવા નિર્દોષ લોકોની ચિંતા કરી રહ્યા છે જે લોકો જેલમાં બંધ છે. સુપ્રીમ કોર્ટે રજૂઆત કરતી વેળા વ્યાપક તોડફોડ અને હિંસા કરનાર લોકો તરફ દેખીતી રીતે લાલઆંખ કરી હતી. સુપ્રીમ કોર્ટે તારણ આપતા કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

# પછાત સમુદાય માટે સરકાર સંવેદનશીલ છે



નવીદિલ્હી,તા. ૩

એસસી અને એસટી એક્ટ સાથે જોડાયેલાનિર્ણય પર ફેરવિચારણા કરવાની માંગ કરતી કેન્દ્ર સરકારની અરજીને લઈને કેન્દ્ર ગંભીર છે. તેમણે ઉમેર્યું હતું કે, એસસી-એસટી અત્યાચાર અટકાયત ધારાની જોગવાઈને દૂર કરવા માટે જવાબદાર નથી. સોમવારના દિવસે ભારત બંધ ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં એક-એક વ્યક્તિના મોત થયા છે. બંધ દરમિયાન પોલીસ અને દેખાવકારો વચ્ચે વ્યાપક અથડામણો થઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે, ગૃહ મારફતે

## કેન્દ્ર સરકાર તરફથી કાયદાની જોગવાઈમાં કોઇ ફેરફાર કરાયા નથી : કાયદાને વધુ મજબૂત કરવાના પ્રયાસ થયા : રાજનાથસિંહ

સરકારને મોટો ફટકો પડી ચુક્યો છે. પોતાના ચુકાદા પર સ્ટે આપવાનો ઈન્કાર સુપ્રીમ કોર્ટે કર્યા બાદ આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, સરકાર પછાત સમુદાયની ચિંતાને લઈને દરમિયાન મોટાપાયે થયેલી હિંસા અંગે શૂન્યકલાક દરમિયાન લોકસભામાં નિવેદન કરતા રાજનાથસિંહે કહ્યું હતું કે, આ હિંસામાં આઠ લોકોના મોત થયા હતા જેમાં મધ્યપ્રદેશમાં છ, તેઓ લોકોને ખાતરી આપવા માંગે છે કે, તેમની સરકાર તરફથી કોઈપણ જોગવાઈઓ સાથે ચેડા કરાયા નથી. સત્તા ઉપર આવ્યા બાદથી કોઈ ફેરફાર થયા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# આજથી પોલીસી સમીક્ષા બેઠક

## આજે દિવસ દરમિયાન તમામ પાસા પર ચર્ચા વિચારણા કરાશે : આવતીકાલે વ્યાજદરનો નિર્ણય લેવાશે

નવી દિલ્હી,તા. ૩

કોર્પોરેટ કંપનીઓ અને સામાન્ય કારોબારીઓ તેમજ શેરબજાર સાથે જોડાયેલા લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે આરબીઆઈની છ સભ્યોની નાણાંકીય પોલિસી મિટિંગ (એમપીસી) આવતીકાલથી શરૂ થઈ રહી છે. જે બે દિવસ ચાલનાર છે.આ બેઠકમાં વ્યાજદરમાં કોઈ ફેરફાર કરવામાં આવશે કે કેમ તેને લઈને નિર્ણય લેવામાં આવનાર છે. પોલીસી સમીક્ષાની બેઠક આવતીકાલે શરૂ થશે. પ્રથમ દિવસે તમામ પાસા પર વિચારણા કરવામાં આવનાર છે. વ્યાજદર ઘટશે કે કેમ તે અંગે નિર્ણય ગુરૂવારના દિવસે લેવામાં આવનાર છે. પોલિસી સમીક્ષાની મિટિંગ વર્ષ ૨૦૧૮-૧૯ માટે તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા રહેશે. આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ફેરફાર કરવાના સંદર્ભમાં કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે. જો કે, મોટાભાગના અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, આરબીઆઈ દ્વારા આ સપ્તાહમાં વ્યાજદર યથાવત રાખવામાં આવશે. સ્થાનિક ફુગાવાને ધ્યાનમાં લઈને આરબીઆઈ વ્યાજદરોને યથાવત રાખી શકે છે. બજેટ બાદ આ પ્રથમ નાણાંકીય નીતિ સમીક્ષા રહેનાર છે. આ વખતે બજેટમાં ફિસ્કલ કન્સોલીડેશન રોડમેપથી અલગ થઈ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં આ બેઠક મળનાર છે જેમાં ચોથીએ બેઠક શરૂ થયા બાદ પાંચમી એપ્રિલના દિવસે નિર્ણય લેવામાં આવનાર છે. રિટેલ ફુગાવામાં ઘટાડાના અનુસંધાનમાં વ્યાજદરમાં કાપ મુકવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ઉપર દબાણ આવી રહ્યું છે. જો કે, આરબીઆઈ હાલમાં વ્યાજદરને યથાવત રાખવા ઈચ્છુક છે. ગયા મહિનામાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં વધુ બે વખત વધારો થવાનું ચિત્ર પણ રહેલું છે. આરબીઆઈ દ્વારા કોઈપણ નિર્ણય લેતા પહેલા ક્રૂડની કિંમતમાં થઈ રહેલા વધારાને પણ ધ્યાનમાં લેવામાં આવશે. ક્રૂડની કિંમત હાલમાં પ્રતિબેરલ ૭૦ ડોલર સુધી પહોંચી ગઈ છે.



અંગારકી ચોથ - મંગળવાર અને અંગારકી ચોથનો અનોખો સંયોગ સર્જાયો હતો... વહેલી સવારથી ભાવિકો ગણપતિબાપાના દર્શને પહોંચ્યા હતા... ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યભરમાં વિઘ્નહર્તા ગણેશજીના મંદિરો ભાવિકોથી છલકાયા હતા... આખા વર્ષમાં અંગારકી ચોથનો મહિમા મોટો છે... ભાવિકો ગણેશવંદના સાથે સાથે જપ-તપ અને ઉપવાસ દ્વારા વિઘ્નહર્તાને પ્રસન્ન કરવા પ્રાર્થના કરે છે....

# સરકારી બેંકોને બેલઆઉટ પેકેજ આપવા કેન્દ્રનો ઈન્કાર

## ૨૦ લાખ કરોડ રૂપિયાની અંતિમ ફંડિંગ કરાઈ : ખરાબ સ્થિતિમાં બેંકોને નોન કોર એસેટ વેચી, એકબીજાની સાથે મર્જ થઇને ફંડ એકત્રિત કરવા માટેની ફરજ પડશે

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્ર સરકારે સરકારી બેંકોના સંદર્ભમાં આક્રમક વલણ અપનાવ્યું છે. સરકારે કહ્યું છે કે, મુખ્ય સરકારી બેંકોને હવે બેલઆઉટ પેકેજ આપવામાં આવશે નહીં. કેન્દ્ર સરકાર સરકારી બેંકોમાં ૨૦ લાખ કરોડ રૂપિયાની છેલ્લી ફંડિંગ કરી રહ્યું છે. આ સંદર્ભમાં માહિતી આપતા સરકારી અધિકારીઓએ કહ્યું છે કે, હવે ખરાબ સ્થિતિમાં બેંકોને નોન કોર એસેટ વેચીને અને એકબીજાની સાથે મર્જરના વિકલ્પને અપનાવીને ફંડિંગની વ્યવસ્થા કરવી પડશે. સરકારી બેંકોને લઈને સરકાર લાલઘૂમ દેખાઈ રહી છે. હવે બેંકોના નાણા ડૂબશે તો બેંકોને પોતે જ ફંડિંગની વ્યવસ્થા કરવી પડશે. ભારત એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે છે. દેશના કુલ ૨૧ સરકારી બેંકોની પાસે દેશના બેંકિંગ સેક્ટરની બે તૃતિયાંશ સંપત્તિ રહેલી છે. બીજી વાસ્તવિકતા એ પણ છે કે, દેશમાં ફસાયેલી રકમની ૯૦ ટકા રકમ આ સરકારી બેંકોની છે. ઓક્ટોબર ૨૦૧૭માં નાણામંત્રી અરુણ જેટલીએ સરકારી બેંકોને ૨૧ લાખ કરોડ રૂપિયાની બેલઆઉટ પેકેજ આપવાની જાહેરાત કરી હતી જેથી બેંકોને બેડલોનમાંથી બહાર નિકાળવામાં મદદ કરી શકાય. સ્ટેટ બેંકિંગ સેક્ટર પર નજર રાખનાર એક અધિકારીએ કહ્યું છે કે, હવે રિકેપિટાલાઈઝેશનની જરૂર નથી. હજુ સુધી જે સ્થિતિ હતી તે જુદી હતી. આ સ્થિતિમાંથી હવે બહાર નિકળવાની જરૂર છે. વારંવાર બેંકો આઈસીયુમાં જશે તો સરકારની જવાબદારી મુશ્કેલમાંથી ઉગારવાની રહેશે નહીં. સરકાર હવે બેંકોના મર્જર મારફતે તેની સંખ્યા ૨૧થી ઘટાડીને ૧૨-૧૩ કરવા ઈચ્છુક છે.

# સીબીએસઈ ધો. ૧૦માં ગણિતની પરીક્ષા ફરી નહિ લેવાય

## સીબીએસઈ દ્વારા વ્યાપક વિચારણા બાદ નિર્ણય : પેપર લીકના પ્રકરણની કોપી પર અસર થઇ નથી : બોર્ડ

નવી દિલ્હી,તા. ૩

સીબીએસઈએ ધોરણ ૧૦ની ગણિતની પરીક્ષા ફરીવાર ન લેવાનો નિર્ણય કર્યો છે. પેપર લીકના મામલા બાદ હજુ સુધી અનેક પ્રકારના અહેવાલો સપાટી ઉપર આવી રહ્યા હતા. બોર્ડ તરફથી કહેવામાં આવ્યું હતું કે, આ વિષયની પરીક્ષા ફરી લેવા ઉપર વિચારણા ચાલી રહી છે. આ પહેલા બોર્ડે માત્ર દિલ્હી-એનસીઆર અને હરિયાણામાં રિટેસ્ટ લેવાની વાત કરી હતી. આવી સ્થિતિમાં અહેવાલ અહીંના વિદ્યાર્થીઓ માટે રાહતજનક હતા. બોર્ડનું કહેવું હતું કે, લીક થયેલા પેપરો આ વિસ્તાર સુધી જ સરક્યુલેટ થયા હતા. આવી સ્થિતિમાં બીજી વખત પરીક્ષા થઈ શકે છે. સુત્રોના કહેવા મુજબ પરીક્ષાની કોપી નિહાળ્યા બાદ આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવ્યો છે. બોર્ડનું કહેવું છે કે, પેપર લીકના પ્રકરણની કોપી ઉપર કોઈ અસર દેખાઈ રહી નથી. આવી સ્થિતિમાં બીજી વખત પરીક્ષા લેવાની બાબત યોગ્ય દેખાતી નથી. અત્રે નોંધનીય છે કે, ૨૪મી માર્ચના દિવસે ધોરણ ૧૦ના ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. સમગ્ર મામલાની માહિતી રાખનાર સુત્રોએ કહ્યું છે કે, બોર્ડે આ માહિતી મેળવવા માટે કોપીમાં તપાસ કરાવી હતી. લીકના પરિણામ સ્વરુપે વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવેલા જવાબમાં કોઈ અંતર છે કે કેમ તેની તપાસ કરવામાં આવી હતી.

# અંકુશરેખા પર પાકિસ્તાનનો ફરી ગોળીબાર : સ્થિતિ તંગ

નવી દિલ્હી,તા. ૩

પાકિસ્તાની સેનાએ જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશ રેખા પર અગ્રીમ ચોકીઓને ટાર્ગેટ બનાવીને આજે ફરી એકવાર જોરદાર ગોળીબાર કર્યો હતો. જેના કારણે અંકુશ રેખાની આસપાસ વિસ્ફોટક સ્થિતી ઉભી થઈ ગઈ હતી. પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો હતો. એક આર્મી અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે પાકિસ્તાની સેનાએ નાના હથિયારો, ઓટોમેટિક્સ હથિયારો અને મોર્ટાર મારફતે હુમલો કર્યો હતો.આ તમામ પ્રકારના હથિયારોનો ઉપયોગ કરીને કૃષ્ણા ઘાટી સેક્ટરમાં અંકુશ રેખા પર પાકિસ્તાની સેનાએ જોરદાર ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો હતો. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે. આ વર્ષે અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાને ૬૫૦થી વધારે વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

SWIGGY FOOD DELIVERY APP ફુડ ડિલિવરી
WALK IN INTERVIEW
Gandhinagar & Ahmedabad
03 April to 8 April • સવારે ૯ થી સાંજે ૬
લેડીઝ / જેન્ટસ માટે નોકરીની ઉત્તમ તક
જોઈએ છે ફુલ / પાર્ટટાઈમ
ફુડ ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે)
₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • સાયકલ - ટુ વ્હીલર
આધાર • એન્ડ્રોઈડ મોબાઈલ • પાનકાર્ડ જરૂરી
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેક્ટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Bombay Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460